# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMIT SHAH STATE VISIT

**કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે છે. સૌપ્રથમ આજે સવારે તેમણે અમદાવાદમાં એસ.જી. હાઈવે નજીક આવેલા દક્ષિણ-પશ્ચિમ ઝોન કાર્યાલય ખાતે ગાંધીનગર લોકસભાના વિકાસકાર્યો અને વિવિધ મુદ્દા પર ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી અને ગાંધીનગરના પ્રભારી મંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા.**

## (VOICECAST: BAKULA PARMAR)

(કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસ અમદાવાદ અને ગાંધીનગરના પ્રવાસે રહેશે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે, શ્રી શાહ આજે અમદાવાદમાં ઉચ્ચસ્તરની બેઠકમાં વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા કરી રહ્યા છે. આજે સૌપ્રથમ અમદાવાદમાં યોજાયેલી બેઠકમાં ગાંધીનગર લોકસભા હરિયાળી લોકસભા અંતર્ગત શ્રી શાહે શહેરમાં વૃક્ષારોપણ અને હરિયાળું આવરણ વધારવા અધિકારીઓને સૂચના આપી હોવાનું જણાયું છે. તેમણે ગાંધીનગર લોકસભામાં કરાયેલા વૃક્ષારોપણ અને આગામી મિશન ફાઈવ મિલિયન ટ્રી અંગે પણ ચર્ચા કરી. પ્રથમ બેઠક પૂર્ણ થયા બાદ હાલ બીજી બેઠક શરૂ થતા શ્રી શાહ સરખેજ-ગાંધીનગર હાઇ-વેના આધુનિકીકરણ અંગે ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ સત્તામંડળ, અમદાવાદ મહાનગરપાલિકાના કમિશનર અને પોલીસ કમિશનર સહિતના અધિકારીઓ સાથે બેઠક કરી રહ્યા છે. તેમાં એસજી હાઇવેની ડિઝાઇન અને સતત વધતા અકસ્માત અંગે ચર્ચા કરાશે. આ સાથે જ વિશેષ વ્યૂહરચના અંગે પોલીસની તૈયારીઓ વિશે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી રહી છે. ઉપરાંત પ્રતિકાત્મક માર્ગ અને ધૂળ-મુક્ત માર્ગ તરીકે એસજી હાઈવેની પ્રગતિ અંગે તેમજ કર્ણાવતી જંક્શન સરખેજ ઉજાલા સર્કલ સુધીના તૈયાર થનારા બ્રિજ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈંધણ બચાવવાની કરેલી અપીલને ધ્યાને રાખી શ્રી શાહે તેમના કાફલામાં ઘટાડો કર્યો છે.

**બકુલા પરમાર, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.**

# AMIT SHAH TOMORROW VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી આવતીકાલે અમદાવાદના ત્રાગડ ખાતે ગણેશ હાઉસિંગ દ્વારા નિર્મિત મિલિયન માઈન્ડ્સ ટ્રેક પાર્ક આઈ.ટી અને ગ્લોબલ કેપેબલિટી સેન્ટર તેમજ ગાંધીનગરના દશેલા ખાતે ગાંધીનગર જિલ્લા દૂધ સંઘ લિમિટેડ મધુર ડેરી દ્વારા તૈયાર કરાયેલા અદ્યતન પ્લાન્ટનું લોકાર્પણ કરશે. આ પ્લાન્ટની ક્ષમતા પાંચ લાખ લિટરની હશે. ઉપરાંત શ્રી શાહ ગાંધીનગરમાં ઇન્ફોસિટી ખાતે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન – NID અમદાવાદના ઇનોવેશન એન્ડ ઇન્ક્યૂબેશન સેન્ટરનું લોકાર્પણ તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

# PANSHERIYA DENGUE DAY

આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું, જનજાગૃતિ દ્વારા ડેન્ગ્યુ-મુક્ત રાજ્યનો સંકલ્પ છે. રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી નિમિત્તે શ્રા પાનશેરિયાએ ડેન્ગ્યૂના અટકાયતી પગલાઓ માટે રાજ્ય સરકાર સંપૂર્ણ સજ્જ હોવાનું જણાવ્યું. તેમણે કહ્યું, આ લડાઈમાં જનસમુદાયનો સાથ અને સહકાર અત્યંત જરૂરી છે.

# DAMAN DENGUE AWARENESS

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ-દીવમાં રાષ્ટ્રીય ડેન્ગ્યૂ દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાયો. તેમાં પ્રવાસીઓ અને સ્થાનિકોને ડેન્ગ્યૂના લક્ષણ, બચાવના ઉપાય અને સ્વચ્છતાના મહત્વ અંગે માહિતી અપાઈ હોવાનું રાજ્ય વાહકજન્ય રોગ સલાહકાર વિશાલ ધામેલિયાએ જણાવ્યું.

(BYTE: VISHAL DHAMELIYA)

# SHANI JAYANTI

સૂર્યપૂત્ર શનિશ્વર દેવની જયંતિની આજે ઉજવણી થઈ રહી છે. ત્યારે જુનાગઢના ભવનાથમાં શનિમંદિરમાં ગઈકાલથી યોજાયેલો કોમાત્મક યજ્ઞ આજે શાસ્ત્રોક્ત વિધિ સાથે પૂર્ણ થયો. બંને દિવસ ભક્તોએ શનિદેવ પર કાળા તલ, તેલ અને વિવિધ વસ્તુઓનો અભિષેક કરીને પોતાના દુખઃદર્દ કરવા પ્રાર્થના કરી. આ સાથે જ લાંબા સમય બાદ આજે શનિવાર, અમાસ અને શનિજયંતિનો સમન્વય જોવા મળ્યો છે.

જામનગરમાં પણ નાગેશ્વર વિસ્તારમાં શનિ જયંતિ નિમિત્તે મંદિરમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. મંદિરના પૂજારી કપિલગિરિ ગોસ્વામીએ શનિ જયંતીનું મહત્વ સમજાવ્યું હતું.

**(BYTE: KAPILGIRI GOSWAMI, PUJARI, SHANI MANDIR)**

# RAJKOT LOCAL BODIES ELECTION

રાજકોટમાં જિલ્લા પંચાયત અને તે અંતર્ગત આવતી તાલુકા પંચાયતોના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણી પ્રક્રિયાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી. વિકાસ કમિશનર કે. એલ. બચાણીએ આ અંગે જાહેરનામું બહાર પાડ્યું છે. અમારા પ્રતિનિધિ જયદીપ પંડ્યા જણાવે છે, જિલ્લા પંચાયતમાં આગામી 24 તારીખે સવારે 11થી બપોરે 2 વાગ્યા સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે. જ્યારે 25 તારીખે ચૂંટણી યોજાશે. જ્યારે તાલુકા પંચાયતમાં 22 તારીખે ઉમેદવારીપત્ર ભરી શકાશે અને 23 તારીખે ચૂંટણી યોજાશે.